મોદીને પીએમ તરીકે પ્રોજેક્ટ કરવા નવ વર્ષ પહેલા તૈયારી થઈ હતી

નવા સીએમ કોણ..? આનંદીબેન, અમિત શાહ કે ત્રીજો ચહેરો

સત્તામાં આવ્યા પછીના વિવાદોએ પીએમ કેન્ડિડેટ બનાવી દીધા

ગુજરાતના ચીફ મિનિસ્ટર બન્યા પછી ત્રણ વર્ષ નરેન્દ્ર મોદીએ ગુજરાત તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું, તે પછી તેમણે રાષ્ટ્રીય લેવલે નજર દોડાવી હતી અને ૨૦૦૩માં પ્રથમ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કરીને તેમણે દેશના ઉદ્યોગજગત સાથે નાતો મજબૂત કરવાનો પ્રયાસ કર્યો હતો. દેશના પ્રાઈમ મિનિસ્ટર બનાવવા માટેની ઝૂંબેશે ૨૦૦૫માં વેગ પકડ્યો અને ૨૦૦૭ તેમજ ૨૦૦૯માં મોદીએ દેશમાં જ નહી, વિદેશમાં પણ મહાનુભાવોનું ધ્યાન ખેંચવાનું રીતસર અભિયાન શરૂ કરી દીધું હતું. આ અરસામાં યોજાયેલી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં સૌ પ્રથમ અનિલ અંબાણીએ મોદી માટે એવું કહ્યું હતું કે ગુજરાત અલગ રાષ્ટ્ર હોત તો વિશ્વના સૌથી આગળ પડતા અને સમૃદ્ધ રાષ્ટ્રોના જુદા સમૂહોમાં એની ગણના થાત... આ બન્ને સમિટમાં દેશના ટોચના ઉદ્યોગપતિઓએ મોદીની તારીફ કરી હતી...

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

હાલ પ્રિયંકાની ઝલક છે, ૨૦૧૯માં ચૂંટણી મેદાનમાં ઉતરી શકે છે

૨૦૦૯માં ચોથી વાયબ્રન્ટ સમિટમાં તો અનિલ અંબાણી અને સુનિલ મિત્તલે મોદીને પીએમ મટિરીયલનું બિરૂદ આપી રાષ્ટ્રીય રાજકારણને ખળભળાવી મૂક્યું હતું. આ બન્ને દિગ્ગજોએ મોદી ભારતનું નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવે છે એવું સ્પષ્ટ કરી દીધું હતું. મોદીને પ્રોજેક્ટ કરવામાં એસ્સાર જૂથના વડા શશી રૂઈયા અને અદાણી જૂથના ગૌતમ અદાણીએ કોઈ કસર છોડી ન હતી. ૨૦૧૧માં જયારે પાંચમી વાયબ્રન્ટ સમિટ થઈ ત્યારે તેમાં ઉદ્યોગપતિ કુમાર મંગલમ, નારાયણ મૂર્તિ, આનંદ મહેન્દ્ર, હરિ ભારતીય, અદિ ગોદરેજ સહિત ના ટોચના ઉદ્યોગજૂથોએ મોદીની સરાહના કરી હતી, પરંતુ ૨૦૧૩માં વાયબ્રન્ટ સમિટમાં આ પ્રોજેકશનને આંચકો લાગ્યો હતો...

કોર્પોરેટ પછી ભાજપના નેતાઓ મેદાનમાં...

મોદીને પ્રથમ વખત દેશનું સુકાન સંભાળવાનું આહવાન કોર્પોરેટ જગતે કર્યું હતું, ત્યારબાદ ભાજપ અને સંઘના રાષ્ટ્રીય નેતાઓએ કમાન સંભાળી લીધી હતી. પાર્ટીમાં એવું કહેવાય છે કે મોદીએ પીએમ બનવા માટે સૌ પ્રથમ સંઘના ટોચના નેતાઓ અને પછી ભાજપના નેતાઓનો સંપર્ક શરૂ કર્યો હતો... જે નેતાઓ મોદીના મિત્ર બન્યા અને સાથ આપ્યો તેમણે છેલ્લી ઘડી સુધી સાથ નિભાવ્યો, જેમાં ટોચકમે પૂર્વ ગૃહ રાજયમંત્રી અમિત શાહ આવે છે. સીએમ અને પીએમ પદની આડમાં આવતી મોદીની ઘણી મુશ્કેલીઓ અમિત શાહે આસાન કરી દીધી હતી. બીજા ક્રમે પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલીનું નામ છે...

મોદીને પ્રોજેક્ટ કરવામાં વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટની જેમ પોલિટીકલ વ્યૂહરચના સફળ રહી છે. ૨૦૦૫ પછી

● અનુસંધાન પાન-૭ પર

વિદેશીઓમાં ઈન્ડિયન ફેશન ફોલો કરવાનો ક્રેઝ : અભિનેત્રી મહેક ચહલ

ઈન્ફોસીટી ખાતે આઈએનઆઈએફડીના અદ્યતન સેન્ટરનું ઉદ્ઘાટન કરાયું

ગાંધીનગર, તા.૪

વિદેશીઓ પણ હવે ઈન્ડિયન ફેશન ફોલો કરે છે. વિદેશમાં કલરફુલ અને વધારે પડતી ડીઝાઈનવાળા ડ્રેસીઝ જોવા નથી મળતા. ગાંધીનગરમાં ઈન્ફોસિટી ખાતે ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ડીઝાઈનના અદ્યતન સેન્ટરનું ઉદ્ઘાટન કરતા બોલીવુડ સ્ટાર મહેક ચહલે જણાવ્યું હતું કે ઉત્તમ ડીઝાઈનરો તૈયાર કરવા માટે આ ક્ષેત્રમાં નિયમિત શિક્ષણ મેળવવું ખુબ જરૂરી છે.

બોલીવુડની ખ્યાતનામ ફિલ્મ જેવી કે વોન્ટેડ, મે ઓર મી.ખન્ના તેમજ યમલા પગલા દીવાના માં અભિનય અદા કરી ટી.વી ના બીગ બોસ, ઝલક દીખલાજા, નચ બલિયે જેવા કાર્યક્રમોથી લોક ચાહના મેળવનાર મહેક ચહલે આજે ઈન્ફોસિટી ખાતે ફેશન ડીઝાઈન તથા ઈન્ટીરીયર ડીઝાઈન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા આઈ.એન.આઈ.એફ.ડી ના અદ્યતન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. દેશમાં ડીઝાઈન સ્કુલની સૌથી મોટી શૃંખલા ધરાવતા આઈ.એન.આઈ.એફ.ડી એકેડમી ઓફ ઈન્ટીરીયર્સના મુખ્ય માર્ગદર્શક બોલીવુડ સેલીબ્રીટી ટ્વિન્કલ ખન્ના છે. સેન્ટરના ઉદ્ઘાટન -સંગે અભિનેત્રી મહેક ચહલે જણાવ્યું હતું કે સંસ્થામાંથી દર વર્ષે ૨૦ હજાર વિદ્યાર્થીઓ ડીઝાઈનીંગ ક્ષેત્રે ઉત્તીર્ણ થાય છે. આવતી કાલના ઉત્તમ ડિઝાઈનરો તૈયાર કરવા માટે આ ક્ષેત્રનુ નિયમિત શિક્ષણ મળવું ખુબ જરૂરી છે. તેમણે વૈશ્વિક કક્ષાએ ડીઝાઈન ક્ષેત્રમાં ગુણવત્તાભર્યું શિક્ષણ અને તાલીમ આપવાની સંસ્થાની -વૃત્તિને બિરદાવી હતી. આ તબક્કે તેમણે ગાંધીનગર સેન્ટરના ડાયરેક્ટર વિશાલ મકવાણાને પણ શુભેચ્છા પાઠવી હતી. સેન્ટરના ડાયરેક્ટર વિશાલ મકવાણા તેમજ સેન્ટર હેડ કિંજલ મકવાણાએ જણાવ્યું હતું કે આઈ.એન.આઈ.એફ.ડી ખાતે ફેશન ડીઝાઈન તેમજ ઈન્ટીરીયર ડીઝાઈનના એક થી ત્રણ વર્ષના -ોફેશનલ તેમજ ડીગ્રી કોર્ષ ઉપલબ્ધ છે. દેશના સૌથી મોટા ફેશન ઈવેન્ટ લેકમે ફેશન વીકના નોલેજ પાર્ટનર તરીકે પણ એકમાત્ર આ સંસ્થા કાર્યરત છે. ગાંધીનગરમાં આ સેન્ટર શરુ થતા શહેર ઉપરાંત આસપાસના લોકોને ફેશન તેમજ ડીઝાઈન ક્ષેત્રની -વૃત્તિઓમાં પુરતી તકો ઉપલબ્ધ થશે. આ ક્ષેત્રે આગામી પેઢીને ગુણવત્તાભર્યું શિક્ષણ અને યોગ્ય તાલીમ આપી નવયુવાનોને પુરતી તક આપવાનો -યાસ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. ધોરણ ૧૨ પાસ કર્યા પછી આ કોર્સમાં -વેશ મેળવી શકાશે.

બોલીવુડમાં સફળતા માટે ગુજરાતી ફ્લેવર જવાબદાર : ઓસમાણ મીર

ગુજરાતનુ બિનસાંપ્રદાયિક ઉપનિષદ ઓસમાણ મીરે શ્રોતાઓને વૈવિધ્યસભર ગીત-સંગીતથી તરબોળ કર્યા : કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં પોતાના જાદુઈ અવાજથી સૌને મંત્રમુગ્ધ કર્યા

ગાંધીનગર, તા. ૪

ગુજરાતનુ બિન સાંપ્રદાયિક ઉપનિષદ... ઓસમાણ મીર... મનમોર બની થનગાટ કરે... રામલીલા ફેઈન ઓસમાણ મીરે ૩૨ ગુજરાતી ફિલ્મોમાં તેમનો અવાજ આપ્યો છે. આગામી દિવસોમાં બેજુબા ઈસ્ક નામના હિન્દી ફિલ્મમાં પણ તેમના સૂરીલા અવાજનો રણકો સંભળાશે. બોલીવુડના ગીતોમાં હવે ગુજરાતી ફ્લેવર જોવા મળે છે. તેમના જણાવ્યા મુજબ આ ગુજરાતી ફ્લેવરનો ટ્રેન્ડ સફળતા અપાવે છે. એક સાદા તબલમી અને ગાયક ઓસમાણ ગુલામઅલીના પણ ફેન છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવમાં તેમણે ગુજરાતી ગીતો ગઝલો અને ભોળાનાથના ભજનો થકી અવાજનો જાદુ પાથરી શ્રોતાઓને રસતળબોળ કરી દીધા હતા.

કચ્છ-માંડવીના વતની ઓસમાણ મીરને ગીત-સંગીતની કલા વારસામાં મળી છે. તેમના પિતા હુસેનભાઈ, ગુરૂ ઈસ્માઈલ દાતા પાસેથી તેમણે સંગીતની તાલીમ લીધી હતી. ૧૪ વર્ષ અગાઉ મોરારીબાપુ પણ તેમની કલાશક્તિથી પ્રભાવિત થયા હતા. દિલકશ તેરા નકશા હૈ સુરત તેરી પ્યારી હૈ તુમને જીસને તુજે દેખા હૈ મનસે વારી હૈ... ઓસમાણ મીરના ગઝલ અને ગીતોની સાથે ધાર્મિક ગીતોમાં અવાજમાં અનોખી ભાવુકતા શ્રોતાઓના અંતઃકરણમાં સ્પર્શી જાય છે. અમદાવાદમાં પ્રથમ સ્ટેજ શો કર્યા બાદ અત્યાર સુધીમાં તેમણે ૩૨ ગુજરાતી ફિલ્મોમાં અવાજ આપ્યો છે. આમ છતા બોલીવુડનો ક્રેઝ ઈન્ટરનેશનલ કક્ષાનો હોવાનો એકરાર તેમણે નિખાલસતાપૂર્વક કર્યો છે. રાજકોટ-દ્વારકા હાઈવે પર કારમાં વાગતી સીડી સાંભળી ઓસમાણ મીરના અવાજથી પ્રભાવિત થતા આખરે તેમને રામલીલામાં એક ચાન્સ મળી ગયો..! અને ગુજરાતમાં ગુંજતા તેમના ગૌરવવંતા સૂરનો જાદુ હવે વિશ્વકક્ષાએ પથરાયો છે.

આગામી દિવસોમાં બેજુબા ઈસ્ક નામના હિન્દી ફિલ્મમાં પણ તેમને તક આપવામાં આવી છે. તેમના મતે માત્ર એક દિવસ સંગીત મુકી દો તો ચાલીસ દિવસ પાછળ જતા રહો. સતત રીયાઝ જરૂરી છે. બોલીવુડના ફિલ્મોમાં ગુજરાતી કલ્ચરનો ક્રેઝ વધી ગયો છે. તે અંગે તેમણે જણાવ્યં હતું કે ગુજરાતી ફ્લેવર સફળતા અપાવે છે. માટે તેનો આગ્રહ રાખવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં ગીત-સંગીત જ નહી અભિનય ક્ષેત્રે પણ શ્રેષ્ઠ કલાકારો છે. કલ્ચરલ ફોરમના કાર્યક્રમ દરમિયાન પણ એકથી એક ચઢીયાતી રચનાઓ રજૂ કરીને તેમણે ગ્રીષ્મોત્સવની સાંજ સૂરીલી બનાવી શ્રોતાઓના દિલ જીતી લીધા હતા.

કમલમ પર છેલ્લે બે હેલિકોપ્ટરની સેવાઓ

ગાંધીનગર, તા. ૪

ભાજપ દ્વારા મિશન-૨૬ને સફળ બનાવવા કોઈ કચાશ છોડવામાં આવી ન હતી અને પૈસા પાણીની જેમ વહેવડાવ્યા હતા. અત્યાર સુધી પક્ષમાં સ્ટાર પ્રચારકો જ હવાઈ સુવિધા લેતા હતા. પરંતુ ૨૦૧૪ની ચૂંટણીમાં પ્રદેશ કક્ષાના જુનીયર નેતાઓને પણ હેલિકોપ્ટરની સેવાનો લાભ મળ્યો હતો. ભાજપના કોબા ખાતેના કાર્યાલય ખાતે બે-બે હેલિકોપ્ટરની સગવડ કરી દેવાઈ હતી. છેલ્લા દિવસોમાં કાર્યાલય પાસે બે હેલિકોપ્ટર જોવા મળ્યા હતા. જેમાં છેલ્લા દિવસોમાં રાજ્યનાં ખુણે ખુણે પ્રચારકોને લઈ જવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. બહારથી ટોચના નેતાઓ આવ્યા હતા તેમના માટે ૫૨ હેલિકોપ્ટરની સેવા લેવામાં આવી હતી. કાર્યાલય પાસે જ બે હેલિકોપ્ટર પડેલા જોઈને અમદાવાદ-ગાંધીનગરના માર્ગ પર આવતા-જતા લોકો ઉત્સુકતાથી તે જોવા ઉભા રહી જતા હતા.

'મનમોર બની થનગાટ કરે' ગીત પર ઓસમાણ મીરે નગરજનોને ડોલાવ્યા'

'રામલીલા' ફેઈમ ઓસમાણ મીર ગાંધીનગર આવી રહ્યો છે એવી ગાંધીનગર કલ્ચરલ ફોરમની જાહેરાત સાથે જ સાંસ્કૃતિક કાર્યક્રમો માણતાં સૌમાં એનો બેસબરીથી ઈંતજાર હતો. ગુજરાતનું ખમીર, આપણી લોકભાષાનું હીર એવાં ઓસમાણ મીરે 'મન મોર બની થનગાટ' કરેથી લઈ 'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ'ની વચ્ચે નૉન સ્ટૉપ ત્રણ કલાકની ગીત-સંગીત મઢી મહેફિલ સજાવી 'ગ્રીષ્મોત્સવ'નો ધમાકેદાર પ્રારંભ કરાવી આપ્યો.

સંસ્કાર અને સંસ્કૃતિની સભાનતાના ૨૦ વર્ષ પૂર્ણ કરનારી ગાંધીનગર કલ્ચરલ ફોરમે સતત ૨૦માં વર્ષે ગ્રીષ્મોત્સવનું આયોજન કર્યું. સાંસ્કૃતિક જયોતિને તેલ પુરી એના ઉજાસને નગરનાં ખૂણે-ખૂણે પહોંચાડવા દિપ પ્રાગટ્ય માટે મેયર મહેન્દ્રસિંહ રાણા, ઓસમાણ મીર, એ.બી. જવેલર્સના સોની અને અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ કાર્યક્રમની મંગળ આશિષથી શરૂઆત કરી. અધ્યક્ષ સ્થાનેથી બોલતાં કૃષ્ણકાન્ત જહાએ ૨૦ વર્ષથી સંસ્કાર સિંચનની કટિબદ્ધતા વર્ણવી. માત્ર ૨૭૦ સભ્યોનું વૃક્ષ આને ૫૬૦૦ સભ્યો સાથે વિશાળ વટવૃક્ષ બની રહ્યું છે. જે એની ગુણવત્તા અને એમનામાં મુકેલો વિશ્વાસ સાર્થક કરે છે. સર્વોત્તમ ગીત-સંગીત પિરસવાની એમની પ્રણાલી જાળવી રાખતાં આ વખતે યુવાનોની ધડકન બનેલાં ઓસમાણ મીર અને સુનિધી ચૌહાણ એમની કલાથી ગાંધીનગરને ડોલાવવાં આમંત્ર્યાં છે.

કચ્છ માંડવીનાં કલાકાર ઓસમાણ મીર પિતા પાસેથી કલા શીખ્યા અને બાદમાં ઈસ્માઈલ દાતી

● અનુસંધાન પાન-૭ પર

'કલ્ચરલ ફોરમ' બ્રાન્ડનેમની સુવાસ ગુજરાતના અન્ય શહેરોમાં ફેલાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરને સાંસ્કૃતિક રાજધાનીમાં પરિવર્તીત કરવામાં બબ્બે 'તપ' એટલે કે ૧૯ વર્ષ પૂર્ણ કરનારી ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ૪ થી મેએ જન્મ દિવસ છે. અને એની પૂર્વસંધ્યાએ ગુજરાનું ખમીર જેવાં ગાયક ઓસમાણ મીરના ખમતીધર અવાજ સાથે અદ્‌ભૂત ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો.

૧૯૯૫ની ૪ થી મે એ નાટક 'ઓલ ધ બેસ્ટ' સાથે ૨૭૦ સભ્યોથી શરૂ થયેલી આ સાંસ્કૃતિક યાત્રાને પેલુ 'ઑલ ધ બેસ્ટ' કોકે ખરા અંતરની પ્રાર્થના સાથે કીધું હશે તે આજે એની સભ્યસંખ્યા વીસમાં વર્ષે વીસ ગણાથી પણ વધુ એટલે કે ૫૬૦૦ની થઈ ગઈ.

સર્વોત્તમ ગીત-સંગીતની પરંપરા જાળવી રાખવામાં આ સંસ્થા એના ખજાનામાંથી દર વર્ષે નવાં નવાં દાગીના ઉમેરતી જાય છે. 'ગ્રીષ્મોત્સવ'ના ભવ્ય કાર્યક્રમ અને 'કલ્ચરલ ફોરમ નવરાત્રી'એ શહેરવાસીઓ માટે અનોખુ આકર્ષણ છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમનુ બ્રાન્ડ નેમ ગુજરાતના અન્ય શહેરો મોડાસા, કલોલ, મહેસાણા, હિંમતનગર અપનાવી રહ્યા છે અને આમ આની સુવાસ અને સિદ્ધિ ગુજરાતના દરેક ખૂણે પ્રસરવા લાગી છે. આવનારા દિવસોમાં ગુજરાતના મોટા શહેરો એમના નામ સાથે 'કલ્ચરલ ફોરમ'નું નામ જોડે અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવે એના દિવસો દૂર નથી.

'લીલી લેંબડી રે, લીલો નાગરવેલનો છોડ' 'રામલીલા'ના ગીતો પર ઝુમતા યુવાનો

'મનમોર બની થનગાટ કરે' ગીતથી યુવક-યુવતીઓમાં પ્રસિધ્ધી પામેલા મોટાં ગજાના ગાયક ઓસમાણ મીરને સાંભળવા આજે યુવક-યુવતીઓ મોટી સંખ્યામાં કલ્ચરલ ફોરમના કાર્યક્રમમાં હાજર હતાં, વિવિધ રચનાઓ સાથે એકાદ કલાક વિત્યાં બાદ ઓસમાણ મીરે કીધું કે હવે 'મોરલો' આવી રહ્યો છે ત્યાં જોરદાર હુટીંગ અને તાળીઓ પડી હતી.

'રામલીલા' ના આ અતિપ્રસિધ્ધ ગીત 'મન મોર બની થનગાટ કરે' માં યુવક યુવતીઓ બરાબરના ઝુમી ઉઠયાં હતાં. આ ગીતથી સાથો સાથ જ 'મારે તે ટોડલે બેઠો લ્યા મોરલો, મોરલો કયાંથી આવ્યો જી હો' ની ધમાલ રજૂઆતને પ્રેક્ષકોએ હાથ ઉંચા કરી જોરદાર તાળીઓથી વધાવતાં અને 'વન્સમોર' ની જોરદાર માંગણી કરતાં 'મનમોર' બની ફરી નચાવવો પડયો.

● અનુસંધાન પાન-૭ પર

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
સ્વ. તા. ૫/૫/૨૦૧૨

આપનું પ્રેમભર્યું જીવન, લાગણીથી છલકાતો સ્નેહ, આપના આશીર્વાદ સમગ્ર પરિવારને સદાય માટે મળતા રહેશે. આપનો હસમુખો ચહેરો, સિંહ જેવી ગર્જના.

પરમકૃપાળુ ભગવાન આપના આત્માને શાન્તિ અર્પે તેવી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ

લિ. આપનો પરિવાર

ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે — તૂષાર જે. દવે
જતીનભાઈ જે. દવે — હેમંત જે. દવે

સ્થળ : પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૩એ ન્યૂ, ગાંધીનગર

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમ્મી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com